## સુરતમાં મહેસૂલ તંત્રનું મોટું વિકેન્દ્રીકરણ

# હવે તાલુકા મથકે જ મળશે જમીન માપણી-નકશાની સેવા

**હક્કચોકસીથી** લઈને રેકર્ડ સુધારણા સુધીની કામગીરી સ્થાનિક સ્તરે થશે

**તાલુકા** કક્ષાએ જમીન દફ્તરની સેવાઓ શરૂ થતાં લોકોના ધક્કા અને સમયનો બચાવ થશે

### ૭ દિવસમાં માળખું ઊભું કરવા વિશેષ સમિતિ સક્રિય

વિકેન્દ્રીકરણની સમગ્ર પ્રક્રિયા સુચારુ રીતે પાર પડે તે માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિને માત્ર સાત દિવસમાં તાલુકાવાર રેકર્ડનું વર્ગીકરણ, ઓફિસ ફર્નિચર અને ટેક્નિકલ સાધનોની વહેંચણી સહિતની કામગીરી પૂર્ણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

### ક્યાં કઈ કચેરી બનાવવામાં આવશે!

સુરત શહેર વિસ્તારમાં ચોર્યાસી, પુણા, કતારગામ, અબ્રામા, ઉધના અને મજુરા માટે બહુમાળી ભવનમાં અલગ-અલગ માળે કચેરીઓ શરૂ થશે. જ્યારે ઓલપાડ, કામરેજ, બારડોલી, મહુવા, અંબિકા અને માંગરોળમાં તાલુકા સેવા સદન ખાતે કચેરીઓ કાર્યરત થશે. તે ઉપરાંત અડાજણ, ઉમરપાડા, માંડવી, પલસાણા અને અરેઠ જેવા વિસ્તારોમાં સરકારી અથવા વૈકલ્પિક ઇમારતોમાં નવી કચેરીઓ ગોઠવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ખાસ કરીને અરેઠમાં નવી તાલુકા સેવા સદન ઇમારત તૈયાર ન થાય ત્યાં સુધી ભાડાના મકાનમાં કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવી છે.

સુરતઃ જમીન માપણી, નકશા, હક્કચોકસી અને રેકર્ડ સંબંધિત કામો માટે હવે સુરત શહેર અને જિલ્લાના લોકોને બહુમાળી મકાન સુધી દોડધામ કરવી નહીં પડે. રાજ્ય સરકારે મહેસૂલ અને જમીન દફ્તર વિભાગમાં અત્યાર સુધીનું સૌથી મોટું વહીવટી વિકેન્દ્રીકરણ અમલમાં મૂકતાં હવે સુરત જિલ્લાના તમામ તાલુકા મથકો પર જ જમીન સંબંધિત કચેરીઓ કાર્યરત કરવામાં આવી રહી છે.

અત્યાર સુધી ડી.આઇ.એલ.આર. (DILR), સિટી સર્વે, હક્કચોકસી અને સર્વે મામલતદાર જેવી મહત્વની કચેરીઓ જિલ્લા કક્ષાએ કેન્દ્રિત હોવાથી સામાન્ય નાગરિકોને નાની કામગીરી માટે પણ સુરત શહેર સુધી આવવું પડતું હતું. હવે રાજ્ય સરકારના નિર્ણય બાદ આ તમામ સેવાઓ તાલુકા સ્તરે ઉપલબ્ધ બનશે. સરકારે ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ્સ (ILR) વર્ગ-૨ની સ્વતંત્ર કચેરીઓ શરૂ કરવાની પ્રક્રિયા પણ તાત્કાલિક અમલમાં મૂકી છે. ગાંધીનગર સ્થિત સેટલમેન્ટ કમિશનર કચેરીના આદેશ બાદ સુરત નાયબ નિયામક જમીન દફ્તર કચેરીએ જિલ્લા કલેક્ટરના સંકલનમાં તમામ કામગીરી ઝડપી ગતિએ શરૂ કરી દીધી છે.

આ નવી વ્યવસ્થાથી જમીન સંબંધિત અરજીઓના ઝડપી નિકાલ, લાંબા સમયથી અટવાયેલા કેસોમાં ગતિ, રેકર્ડની ભૂલોનું ઝડપી સુધારણ અને જમીન વિવાદોમાં ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મહેસૂલ વિભાગના આ નિર્ણયને કારણે છેવાડાના ગામડાંના ખેડૂતો, જમીનધારકો અને સામાન્ય નાગરિકોને સૌથી વધુ રાહત મળશે તેવી ચર્ચા શરૂ થઈ છે.

## સુમુલ ડેરીમાં કસ્ટોડિયન બેસાડવાનું કલંક મટશે

# 15 જુલાઈએ સુમુલની 16 બેઠકો માટે ચૂંટણી યોજાશે

**29 જૂનથી** ફોર્મ ભરાશે, 17 જુલાઈએ પરિણામ જાહેર થશે

સુરત : સુરત અને તાપી જિલ્લાના 2.50 લાખ પશુપાલકોની જીવાદોરી સામાન સંસ્થા સુરત - તાપી ની જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિ. (સુમુલ ડેરી)ની આગામી વ્યવસ્થાપક સમિતિની 16 બેઠકોની ચૂંટણી આગામી 15 મી જુલાઈ 2026 ના રોજ યોજાશે.અને 17 જુલાઈએ પરિણામો જાહેર કરવામાં આવશે.

સુમુલ ડેરી)ની આગામી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સિટી પ્રાંત (ઉત્તર) અડાજણ એન.એન. સવાણી દ્વારા સત્તાવાર ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

આ ચૂંટણી માટે સુરત અને તાપી જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે, જ્યાં સંઘ સાથે સંકળાયેલી સહકારી દુધ ઉત્પાદક મંડળીઓના પ્રતિનિધિઓ મતાધિકારનો ઉપયોગ કરશે.

સુરત જિલ્લાની ઓલપાડ, ચોર્યાસી, પલસાણા, કામરેજ, માંડવી, મહુવા, માંગરોળ, ઉમરપાડા અને બારડોલી મળી કુલ 9 બેઠકોની ચૂંટણી યોજાશે જ્યારે તાપી જિલ્લાની 7 બેઠકો ઉચ્છલ, નિઝર, કુકરમુંડા, વ્યારા, સોનગઢ, વાલોડ,અને ડોલવણની ચૂંટણી યોજાશે.

### ચૂંટણી અધિકારી એન.એન.સવાણીએ ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો

- 10 જૂનથી 24 જૂન 2026 સુધી ઉમેદવારી પત્રો મેળવી, ઉમેદવારી કરી શકાશે.
- 24/06/2026 ના રોજ આવેલા ઉમેદવારી પત્રો અને ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરાશે.
- 27/06/2026 ઉમેદવારી પત્રોની ચકાસણી થશે.
- 29/06/2026 માન્ય ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ થશે.
- 29/06/2026 થી 04/07/2026 ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે
- 06/07/2026 બાકી રહેલા માન્ય ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.
- 15/07/2026 સવારે 9 થી સાંજે 4 વાગ્યા સુધી જુદા જુદા મતદાન મથકોએ મતદાન થશે.
- 17/07/2026 સુમુલ ડેરીના બેન્કવેટ હોલમાં મતગણતરી થશે.

# રાજેશ શુક્લનાં પત્ની પાસે રૂપિયા ૨.૭૨ કરોડનું સોનું

**ભાજપના** ચારેય રાજ્યસભાના ઉમેદવારોએ પોતાની મિલકતો જાહેર કરી

ગાંધીનગર : આજે રાજ્યસભાના ભાજપના ચારેય ઉમેદવારોએ વિધિવત ઉમેદવારી કરી હતી. આ સમયે ભાજપના પ્રદેશપ્રમુખ અને હોદ્દેદારો તેમની સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. આ તમામે તેમની મિલકતો અને અન્ય વિગતો અંગ સોગંદનામુ રજૂ કર્યું હતું જેમાં રાજેશ શુક્લાના પત્ની અંજલી પાસે ૨.૭૨ કરોડનું સોનું હોવાનું તેમણે જાહેર કર્યું છે.

### રાજેશ શુક્લા પાસે એક રિવોલ્વર અને એક રાઇફલ

રાજેશ પરમાનંદ શુક્લ (રાજુ શુક્લ) પાસે કુલ રૂ.૧,૭૭,૨૯,૦૫૩.૭૫ ની જંગમ મિલકત છે, જેમાં હાથ પરની રોકડ, બેંક ખાતાની થાપણો, રૂ.૩૭.૫૦ લાખના સોનાના અને રૂ.૮૧ લાખના ચાંદીના દાગીના તેમજ એક રિવોલ્વર અને એક રાઈફલનો સમાવેશ થાય છે. તેમની પત્ની અંજનાબેન પાસે રૂ.૨,૬૭,૫૧,૬૭૦.૮૮ ની જંગમ મિલકત છે, જેમાં મુખ્યત્વે રૂ.૨.૭૨ કરોડનું સોનું છે. મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં કૃષિ અને બિન-કૃષિ જમીન, વાણિજ્યિક ઓફિસ તેમજ ગાંધીનગર અને કડીમાં રહેણાક મકાનો છે, જેનું મૂલ્ય રૂ.૨૫,૬૩,૩૧,૦૦૦ છે. જ્યારે તેમની પત્નીના નામે અંદાજિત રૂ.૩૨,૧૬,૬૫,૦૦૦ ની સ્થાવર મિલકત છે, જેમાં પેથાપુર, કોલવડા અને રાંધેજામાં વિવિધ જમીનો (૧૮% સંયુક્ત હિસ્સો), કડીમાં દુકાનો અને અડાલજમાં રહેણાક મકાન સામેલ છે. આર્થિક જવાબદારીઓ હેઠળ ઉમેદવાર પર રૂ.૨,૧૮,૩૮,૫૭૬.૦૮ (વાહન લોન અને અન્ય વ્યક્તિગત લોન) અને તેમની પત્ની પર રૂ.૪,૯૬,૫૫,૦૦૦ નું દેવું દર્શાવવામાં આવ્યું છે.

### મુકેશ રાઠવા અને તેમની પત્ની પાસે વાહન પણ નથી

રાજ્યસભાના ઉમેદવાર મુકેશભાઈ રાઠવાની કુલ મિલકતોમાં માત્ર જંગમ મિલકતનો સમાવેશ થાય છે, જ્યારે તેમની પાસે કોઈ પણ પ્રકારની સ્થાવર (જમીન કે મકાન) મિલકત નથી. તારીખ ૩૧.૦૩.૨૦૨૬ની સ્થિતિએ મુકેશભાઈ પાસે આશરે રૂા. ૪૨,૦૦૦ની હાથ પર રોકડ છે, જ્યારે તેમના પત્ની ઉર્વશીબેન પાસે આશરે રૂા. ૫,૦૦૦ની રોકડ છે. બેંક ખાતાની થાપણોમાં મુકેશભાઈના એચ.ડી.એફ.સી. બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (કવાંટ)ના ખાતામાં અનુક્રમે રૂા. ૧૧,૦૮૭ અને રૂા. ૧,૪૯,૬૫૫ જમા છે, જ્યારે તેમના પત્નીના સ્ટેટ બેંક અને બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં અનુક્રમે રૂા. ૧,૫૩,૪૭૬ અને રૂા. ૧,૧૨,૮૩૬ જમા છે. સોના-ચાંદીના રોકાણમાં મુકેશભાઈ પાસે આશરે ૯૩ ગ્રામ સોનું (કિંમત રૂા. ૧૨,૬૪,૮૦૦) અને ૮૦૦ ગ્રામ ચાંદી (કિંમત રૂા. ૨,૧૨,૮૦૦) છે; જ્યારે તેમના જ્યારે તેમના પત્ની પાસે આશરે ૧૧૭ ગ્રામ સોનું (કિંમત રૂા. ૧૫,૭૧,૨૦૦) અને ૧ કિલોગ્રામ ચાંદી (કિંમત રૂા. ૨,૬૬,૦૦૦) છે. ઉમેદવાર કે તેમના પત્ની પાસે કોઈ મોટર વાહન નથી.

### માનસિંહ પરમારના પરિવાર પાસે ૨.૭૫ કરોડની મિલકત

રાજ્યસભા ચૂંટણીના સોગંદનામા અનુસાર, ભાજપના ઉમેદવાર માનસિંહ પરમાર અને તેમના પત્ની નિર્મળાબેન કરોડોની સ્થાવર અને જંગમ મિલકતો ધરાવે છે. તેમની પાસે ઉપલબ્ધ કુલ જંગમ મિલકત આશરે રૂ.૨.૪૪ કરોડ છે, જેમાં બંનેના થઈને આશરે રૂ.૧૮.૫૩ લાખના બેંક બેલેન્સ અને રોકડ, રૂ.૩૯.૪૨ લાખની કિંમતનું સોનું (૪૬૮ ગ્રામથી વધુ) અને રૂ.૫૦,૦૦૦ની એક રિવોલ્વરનો સમાવેશ થાય છે; આ સિવાય તેમણે અન્ય પેઢીઓ કે વ્યક્તિઓને આશરે રૂ.૧.૮૫ કરોડ લોન પેટે ધિરાણ આપેલા છે. સ્થાવર મિલકતોની વાત કરીએ તો, પરિવાર પાસે કુલ આશરે રૂ.૨.૭૫ કરોડની મિલકત છે, જેમાં ગીર સોમનાથ અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી રૂ.૨.૦૫ કરોડની કૃષિ જમીન, વલાદર ખાતે રૂ.૨૫ લાખની બિન-કૃષિ જમીન અને વેરાવળમાં રૂ.૪૫ લાખની કિંમતનો રહેણાંક ફ્લેટ સામેલ છે. બીજી તરફ, આ મિલકતોની સામે ઉમેદવાર પર રૂ.૧.૩૬ કરોડ અને તેમના પત્ની પર રૂ.૩૨.૫૫ લાખ મળીને કુલ આશરે રૂ.૧.૬૯ કરોડનું બેંક લોન અને કૃષિ ધિરાણનું દેવું પણ છે.

### જીતેન્દ્ર કણઝારિયા અને પત્નીની આવક ૧૦ લાખ, પણ કાર નથી

રાજ્યસભાના ઉમેદવાર જીતેન્દ્ર કણઝારીયાની શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો તેમણે વર્ષ ૨૦૦૯માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી B.Com અને વર્ષ ૨૦૧૧માં GTUમાંથી MCA (સેમ-૨) સુધીનો અભ્યાસ કરેલો છે.તેમની પાસે આશરે રૂ.૨,૫૦,૦૦,૦૦૦ની જંગમ મિલકત અને આશરે રૂ.૮,૦૦,૦૦૦ની સ્થાવર (વારસાગત) મિલકત છે, જ્યારે તેમના પત્ની ચંદનબેન પાસે આશરે રૂ.૫૦,૦૦,૦૦૦ની જંગમ મિલકત અને આશરે રૂ.૨૬,૭૦,૦૦૦ની સ્થાવર મિલકત રહેલી છે. ઉમેદવાર પાસે હાથ પર આશરે રૂ.૧,૭૫,૦૦૦ની અને તેમના પત્ની પાસે રૂ.૫૦,૦૦,૦૦૦ની રોકડ રકમ છે. તેમની પાસે આશરે રૂ.૮,૦૦,૦૦૦ની કિંમતનું ૬ તોલા સોનું અને ચંદનબેન પાસે આશરે રૂ.૨૬,૭૦,૦૦૦ની કિંમતનું ૨૦ તોલા સોનું છે, તેમની પાસે બે ટુ-વ્હીલર (હોન્ડા સીડી સાઈન અને TVS ડીલક્સ) તથા તેમના પત્ની પાસે એક હોન્ડા એક્ટિવા સ્કૂટર છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના આવકવેરા રિટર્ન મુજબ ઉમેદવારની કુલ આવક રૂ.૪,૮૮,૭૫૦ અને તેમના પત્નીની કુલ આવક રૂ.૫,૦૮,૮૮૦ દર્શાવવામાં આવી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### નાસીરનગર...

દાખલ કરેલી સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનમાં ચીફ સેક્રેટરી અર્બન ડેવલપમેન્ટ, સુરત મહાનગરપાલિકા કમિશનર, પોલીસ કમિશનર અને નાયબ પોલીસ કમિ શનર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિત સામે કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વગર મકાનો તોડી પાડવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને ડિમોલીશન કાર્યવાહી પર રોક લગાવવાની માંગ કરાઈ છે.

અરજદારનાં એડવોકેટ ઝમીર શેખનાં જણાવ્યાં મુજબ નાસીર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ડિમોલિશનની કામગીરી ચાલી રહી છે, જેમાં અંદાજે 150 જેટલા મકાનો અને શેડ તોડી પાડવામાં આવ્યા છે. જે મુદ્દે હાઇકોર્ટમાં રિટ કરવામાં આવી છે. જેમા અરજદાર દ્વારા દાદ માંગવામાં આવી છે કે તેઓ અને તેમનો પરિવાર છેલ્લા 35 વર્ષથી આ વિસ્તારમાં વસવાટ કરે છે અને મહાનગરપાલિકાને નિયમિત મિલકત વેરો પણ ચૂકવતા આવ્યા છે. આ ઉપરાંત વીજળીના બિલ સહિતના દસ્તાવેજો પણ તેમના લાંબા સમયથી રહેઠાણના પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યા છે. અરજીમાં જણાવાયું છે કે 29 મે, 2026ના રોજ મહાનગરપાલિકાના અધિકારીઓ પોલીસ બંદોબસ્ત સાથે નાસીર નગર પહોંચ્યા હતા અને કોઈ પૂર્વ નોટિસ કે સાંભળવાની તક આપ્યા વિના ડિમોલિશનની કાર્યવાહી શરૂ કરી હતી. અરજદારના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં 250થી વધુ પરિવારો વસવાટ કરે છે અને ચાલુ કાર્યવાહીથી મોટી સંખ્યામાં પરિવારો બેઘર થવાની સ્થિતિ સર્જાઈ છે.

હાઇકોર્ટ સમક્ષ કરવામાં આવેલી અરજીમાં દલીલ કરવામાં આવી છે કે ભારતના બંધારણની કલમ 300-એ હેઠળ કાયદાકીય પ્રક્રિયા વિના કોઈને તેની મિલકત અથવા કબજામાં રહેલી જગ્યા પરથી બેદખલ કરી શકાય નહીં. સાથે જ, "ગુજરાત પબ્લિક પ્રીમિસિસ (ઈવિક્શન અનઓથોરાઇઝ્ડ ઓક્યુપન્ટ્સ) એક્ટ, 1972" મુજબ બિનઅધિકૃત કબજેદારને પણ ખાલી કરાવવા પહેલાં કારણદર્શક નોટિસ આપવી અને જવાબ રજૂ કરવાની તક આપવી ફરજિયાત છે. અરજદારે વધુમાં આક્ષેપ કર્યો છે કે પોલીસ તંત્ર દ્વારા સ્થાનિકોને જગ્યા ખાલી કરવાની ધમકીઓ આપવામાં આવી રહી છે અને ડિમોલિશનનો વિરોધ કરનારાઓ સામે ફોજદારી કાર્યવાહી કરવાની ચેતવણી અપાઈ રહી છે. પિટિશનમાં રાજ્ય સરકારને 2013ની પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) નીતિ મુજબ અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક આવાસ ફાળવવાનો આદેશ આપવા પણ માંગ કરવામાં આવી છે. ઉપરાંત, ડિમોલિશનની કાર્યવાહી પર તાત્કાલિક સ્ટે મૂકવા અને અંતિમ નિર્ણય સુધી રહેવાસીઓને બેદખલ ન કરવા હાઇકોર્ટ સમક્ષ વિનંતી કરવામાં આવી છે.

### ભૂતિયા ડિમોલિશનમાં...

જેમના મકાનોમાં 50 ટકા તોડફોડ થઈ છે. ખેલ એવો કરાયો છે કે જ્યારે મનપા અને પોલીસ દ્વારા રસ્તા રેખાની કામગીરી કરવામાં આવી રહી હોય ત્યારે જ ડિમોલિશન કરી નાખવું કે જેથી એવું લાગે છે કે કાયદેસર ડિમોલિશન કરાઈ રહ્યું છે.

આ ભુતિયા ડિમોલિશનનો ખેલ એવી રીતે ગોઠવાયો હતો કે, કામગીરી રસ્તા રેખાની બતાવવામાં આવે, પોલીસ બંદોબસ્ત માટે હાજર રહે અને આનો ગેરલાભ ઉઠાવીને બિલ્ડરોના માણસો ડિમોલિશન કરી નાખે. મનપાના અધિકારીઓ અને પોલીસને પહેલેથી જ ડિમોલિશન મામલે ચુપ રહેવાનો આદેશ અપાયો હોવાથી મનપા અને પોલીસ મુકપ્રેક્ષક બની રહ્યા અને આખરે ડિમોલિશન કરી દેવામાં આવ્યું. હવે આ મામલો હાઈકોર્ટમાં ગયો છે ત્યારે આગામી દિવસોમાં આમાં જવાબદારો ભેરવાય તો નવાઈ નહીં હોય.

### 35 દિવસ...

ઉઠ્યા હતા. નવા શૈક્ષણિક વર્ષમાં સુરત જિલ્લામાં બાલવાડીથી લઈને ધોરણ-૧૨ સુધી અંદાજિત ૧૩.૧૩ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે. સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં આજે પ્રથમ દિવસથી જ શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ હતી. આ સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલ સત્તાવાર શૈક્ષણિક કેલેન્ડર પણ અમલમાં આવ્યું છે. બોર્ડના કેલેન્ડર મુજબ પ્રથમ સત્ર ૮ જૂનથી ૪ નવેમ્બર, ૨૦૨૬ સુધી રહેશે અને તેમાં કુલ ૧૨૦ દિવસનું શૈક્ષણિક કાર્ય હાથ ધરાશે. ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રથમ પરીક્ષા ૨૨ ઓક્ટોબરથી ૨ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે. ત્યારબાદ દિવાળી વેકેશન ૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી જાહેર કરવામાં આવ્યું છે. બીજું સત્ર ૨૬ નવેમ્બરથી શરૂ થશે.

સુરત શહેરની વિવિધ શાળાઓમાં પ્રથમ દિવસને યાદગાર બનાવવા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. અડાજણ સ્થિત પ્રેસિડેન્સી સહિતની સ્કૂલોમાં વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક અને અક્ષત લગાવીને પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. શિક્ષકો અને સંચાલકો દ્વારા કરવામાં આવેલા આ હૂંફાળા આવકારે વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ સર્જ્યો હતો. શાળાના આચાર્યોએ જણાવ્યું હતું કે લાંબા વેકેશન બાદ વિદ્યાર્થીઓમાં મિત્રો અને શિક્ષકોને મળવાનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ઘણા વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન પણ શાળાને યાદ કરતા હતા અને હવે ફરી અભ્યાસના નિયમિત રૂટીનમાં જોડાવા આતુર બન્યા છે. વિદ્યાર્થીઓએ પણ વેકેશન દરમિયાન મોજમસ્તી બાદ હવે અભ્યાસ, રિવિઝન અને આગામી પરીક્ષાઓની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. પ્રથમ દિવસથી જ શાળાઓમાં ઉત્સાહ અને સકારાત્મક ઉર્જાનો માહોલ જોવા મળ્યો હતો.

### અઠવાડિયા સુધી...

નવા પુસ્તકોનું છાપકામ અને વિતરણ મોડું થયું હોવાનું માનવામાં આવે છે. જોકે શિક્ષણ વિભાગ દ્વારા જરૂરી આયોજન કરવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં જ પુસ્તકો શાળાઓ સુધી પહોંચશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. એક શાળાના આચાર્યએ જણાવ્યું કે અગાઉના વર્ષોમાં ફેબ્રુઆરી સુધીમાં પુસ્તકો મળી જતા હતા અને વિદ્યાર્થીઓને સમયસર વિતરણ પણ થઈ જતું હતું. આ વર્ષે પુસ્તકોમાં થયેલા ફેરફારોને કારણે વિલંબ સર્જાયો હોવાનું જણાય છે. તેમ છતાં આ અઠવાડિયામાં જ તમામ વિદ્યાર્થીઓ સુધી પાઠ્યપુસ્તકો પહોંચાડી દેવામાં આવશે તેવી તેમને ખાતરી છે. શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ થઈ જાય તો વિદ્યાર્થીઓને અભ્યાસમાં સરળતા રહે અને વેકેશનનો સમય પણ વધુ અસરકારક રીતે ઉપયોગી બની શકે. હાલ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાઠ્યપુસ્તકોની રાહ જોઈ રહ્યા છે, જ્યારે શાળાઓને પણ ટૂંક સમયમાં વિતરણ પૂર્ણ થવાની આશા છે.

### યુનિફોર્મ, બેગ...

યુનિફોર્મ, દફતર, શૂઝ, નોટબુક અને સ્ટેશનરી પાછળ વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે.

સુરત શહેર સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં શૈક્ષણિક સામગ્રીના ભાવમાં 12થી 15 ટકા સુધીનો વધારો નોંધાયો છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા, પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ, પરિવહન ખર્ચમાં વધારો અને કાચા માલના ઊંચા ભાવોના કારણે શાળા સંબંધિત તમામ ચીજવસ્તુઓ મોંઘી બની છે. જેના કારણે મધ્યમવર્ગીય પરિવારોના ઘરેલુ બજેટ પર સીધી અસર પડી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા શાળાના પાઠ્યપુસ્તકો પર લાગતો 12 ટકા જીએસટી દૂર કરીને તેને શૂન્ય કરવામાં આવ્યો છે. જોકે બીજી તરફ સ્કૂલ બેગ, યુનિફોર્મ, સ્ટેશનરી, શૂઝ અને મોજાં જેવી આવશ્યક વસ્તુઓ પર જીએસટીનો દર 12 ટકાથી વધારીને 18 ટકા કરવામાં આવ્યો છે. જેના કારણે નોટબુક, પેન, પેન્સિલ, ફાઈલ, ચાર્ટ પેપર અને અન્ય શૈક્ષણિક સામગ્રી ગયા વર્ષ કરતાં આ વર્ષે 12થી 15 ટકા મોંઘી થઇ છે.

### એક બાળક...

હજારો રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. ખાસ કરીને બે કે તેથી વધુ બાળકો ધરાવતા પરિવારો માટે આ ખર્ચ વધુ ચિંતાજનક બન્યો છે.

### શિક્ષણ ખર્ચ...

જરૂરી અન્ય તમામ વસ્તુઓના ભાવમાં થયેલા વધારાએ વાલીઓની મુશ્કેલીઓ વધારી છે. શિક્ષણ ક્ષેત્રે વધતી મોંઘવારી સામે સરકાર દ્વારા રાહતના વધુ પગલાં ભરવાની માંગ પણ વાલીઓ અને વેપારીઓ તરફથી ઊઠી રહી છે.

### સ્ટુડન્ટ વિઝાના...

વિધર્મી યુવકો ગુજરાતમાં નહી, પરંતુ મહારાષ્ટ્રના પાલઘરમાં જઈને ધર્માન્તરણ કરાવી લગ્ન કરી લેતાં હોય છે. વલસાડના ઉમરગામ તાલુકાને અડીને આવેલા મહારાષ્ટ્રમાં રહેતી એક જૈન સમાજની યુવતી સાથે પણ આવું જ કરાયું હતું. તેની પાસે પાસપોર્ટ લઈ તેને વિદેશ બોલાવી લેવાની લાલચ આપી હતી. યુવકે તેના પાસપોર્ટ અને અન્ય ડોક્યુમેન્ટના આધારે તેને લંડનમાં સ્ટડી બેઈઝ વિઝા લઈ તેને ત્યાં બોલાવી લીધી હતી. ત્યારબાદ ત્યાં પહોંચતા યુવકે તેની સાથે લંડનમાં નિકાહ પઢી લીધા હતા. જોકે, આ યુવતી ઘરેથી ભાગી ત્યારે તે કિંમતી સામાન, રોકડ અને સોના-ચાંદીના દાગીના ચોરીને ભાગી હતી. ત્યારે આવી ઘટનામાં પણ તેમણે તપાસ કરવા અને સંજાણના વિધર્મી યુવક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેની સામે પગલાં ભરવાની માંગ કરી હતી.

### વિદેશની લાલચ કે અન્ય કોઇ રીતે બ્લેકમેલ કરાતાં હોવાની તપાસની માંગ

ઉમરગામ તાલુકાના વિધર્મી યુવકો યુવતીઓને વિદેશ લઇ જવાની લાલચે ફોસલાવે છે કે તેમને જાતિ બદલી તેમની સાથે મિત્રતા કેળવી ફોટોના આધારે બ્લેકમેલ કરે છે કે અન્ય કોઇ રીતે બ્લેકમેલ કરે તેની તપાસ માટે પણ જૈન સમાજે માંગણી કરી છે. તેમણે જણાવ્યુ કે, યુવતીઓ પોતાની મરજીથી લગ્ન કરીને જઇ રહી છે કે, મજબૂરીવશ જઇ રહી છે, તેની જાણ જ થઈ શકતી નથી. ત્યારે આ અંગે તપાસ કરવા પણ તેમણે રજૂઆત કરી છે.

### લીલાં મરચાંનો...

બહારગામથી આવતી આવકમાં ઘટાડો અને વાહનવ્યવહારના વધેલા ખર્ચને કારણે મરચાંના ભાવમાં આકસ્મિક તેજી જોવા મળી છે.

ટામેટાના ભાવમાં પણ વધારો નોંધાયો છે. અગાઉ 40 રૂપિયા પ્રતિ કિલો મળતા ટામેટાં હાલ 60 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. બીજી તરફ રસોડાની આવશ્યક ચીજ ગણાતી ડુંગળીનો ભાવ પણ 30 રૂપિયાથી વધીને 40 રૂપિયા પ્રતિ કિલો થયો છે.

લીલા શાકભાજીમાં પણ ભાવવધારાની અસર સ્પષ્ટ જોવા મળી રહી છે. ચોલાઈ ભાજી સહિતના ભાજીપાલાના ભાવ વધીને 160 રૂપિયા સુધી પહોંચી ગયા છે. જેના કારણે સામાન્ય ગ્રાહકો માટે દૈનિક શાકભાજીની ખરીદી વધુ ખર્ચાળ બની રહી છે.

જોકે તમામ શાકભાજીમાં તેજી વચ્ચે લિંબુના ભાવમાં થોડી રાહત જોવા મળી છે. વરસાદી મોસમના આગમન પહેલાં લિંબુનો મબલખ પાક બજારમાં આવવાની શક્યતાઓ વચ્ચે અગાઉ 200 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચેલા લિંબુના ભાવ ઘટીને 160 રૂપિયા પ્રતિ કિલો થયા છે. તેમ છતાં લિંબુ હજુ પણ સામાન્ય ગ્રાહકો માટે મોંઘી વસ્તુ ગણાઈ રહી છે.

વેપારીઓના મતે આગામી દિવસોમાં વરસાદી માહોલ અને આવક-જાવકની સ્થિતિ પર ભાવોની દિશા નિર્ભર રહેશે. જો ડીઝલના ભાવ અને પરિવહન ખર્ચમાં વધુ વધારો થશે તો અન્ય શાકભાજીના ભાવોમાં પણ વધુ તેજી જોવા મળી શકે છે. બીજી તરફ ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં માલની આવક થશે તો બજારમાં ભાવો સ્થિર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

શહેરના ગ્રાહકો હાલ વધતી મોંઘવારી વચ્ચે રસોડાનું બજેટ સંતુલિત રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે શાકભાજીના સતત વધતા ભાવોએ ચિંતામાં વધુ વધારો કર્યો છે.

### કેકશોપના માલિકે...

અને કીસ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે યુવતીએ પ્રતિકાર કરતાં તેને કપાળ પર દંડો મારી લોહીલુહાણ કરી નાંખી હતી. ત્યારબાદ તે તેની પર બેસી ગયો હતો અને ગુપ્તાંગ સાથે અડપલાં કરવા લાગ્યો હતો.

તેણે તેના આંતરવસ્ત્રો પણ ફાડી નાખી તેને નિર્વસ્ત્ર કરી દીધી હતી. ત્યારબાદ હોઠ અને ગાલ પર જબરજસ્તી કિસ કરી હોઠના ભાગે બચકું ભરી લોહીલુહાણ કરી નાખી ગંભીર ગુનો આચર્યો હતો.

### અરબ સાગર...

ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાતા લોકોને ગરમીમાંથી થોડી રાહત મળી હતી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં તેજ પવનોનું જોર યથાવત રહી શકે છે. જોકે ભેજનું પ્રમાણ વધતાં ઉકળાટમાં વધારો થવાની સંભાવના પણ છે. ત્યારબાદ 11 જૂનથી કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં શરૂ થઈ શકે છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે હાલમાં અરબી સમુદ્ર અને બંગાળની ખાડી વિસ્તારમાં એકસાથે ત્રણ અલગ-અલગ હવામાન સિસ્ટમ સક્રિય છે. આ સિસ્ટમોના પ્રભાવના કારણે આગામી દિવસોમાં ભેજયુક્ત પવનો ગુજરાત તરફ ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે વરસાદી માહોલ સર્જાવાની સંભાવના વધી ગઈ છે.

### સુરતમાં દર...

દીધો છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે હત્યાના બનાવોમાં ૨૭ કેસોનો ભયજનક વધારો નોંધાયો છે. નાની-નાની વાતોમાં ચપ્પુબાજી કરવી, તલવારો હવામાં ઉછાળવી અને જાહેરમાં પથ્થરમારો કરી જીવ લઈ લેવો એ ગુનેગારો માટે રમતવાત બની ગઈ છે. પોલીસની નબળી પકડને કારણે ગુનેગારોના હોસલા બુલંદ થઈ રહ્યા છે અને આમ જનતા ભયના ઓથાર હેઠળ જીવી રહી છે.

### સિંગણપોરના ડબલ મર્ડરથી પોલીસનાં નાઇટ પેટ્રોલિંગ પર સવાલો

સુરતમાં હવે ગંભીર ગુનાઓ પાછળ કોઈ મોટી અદાવત નહિ, પરંતુ નજીવી બાબતો જવાબદાર બની રહી છે. તાજેતરમાં જ (૬-૭ જૂનની મધ્યરાત્રિએ) સિંગણપોર વિસ્તારમાં માત્ર માવો ખાવા માટે બંધ દુકાન ખોલાવવાની જીદ જેવી સામાન્ય બાબતમાં ઉગ્ર ઝઘડો થયો હતો. જેમાં બે આશાસ્પદ યુવકોની કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. મધ્યરાત્રિએ બનેલી આ ઘટનાએ સુરત પોલીસના રાત્રિ પેટ્રોલિંગ અને કડક ધાકના દાવાઓની પોલ ખોલી નાખી છે. હવામાં હથિયારો વીંઝતા અસામાજિક તત્વોને પોલીસનો કોઈ ડર જ ન હોય તેવું વાતાવરણ શહેરમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

### આંકડાની માયાજાળ વચ્ચે જનતા ત્રાસી ,ખાખી કહે સબ સલામત

જો કે, સિક્કાની બીજી બાજુ જોઈએ તો સુરત પોલીસ ઘરફોડ ચોરી, લૂંટ અને મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ ડામવામાં ઘણી અંશે સફળ રહી છે, પરંતુ ઇન્ટરનલ અદાવત, ત્વરિત ગુસ્સો અને નશાના કારોબારને કારણે થતી હત્યાઓ રોકવામાં ખાખી વામણી પુરવાર થઈ રહી છે. પોલીસ ચોપડે ગમે તેટલા આંકડા સુધર્યા હોવાના દાવા થાય, પરંતુ ૫૦ હત્યાઓનો આ લાલ આંકડો અને શહેરમાં બેફામ બનેલું ડ્રગ્સનું નેટવર્ક ચિંતાજનક છે. છેલ્લે એટલું જ કહી શકાય કે સુરતમાં ગુનેગારો કરે છે આરામ, જનતા સવાર-સાંજ પરેશાન અને ખાખી હજુ પણ કહે છે સબ સલામત.હવે સુરત પોલીસ ક્યારે જાગશે અને ગુનેગારોમાં કાયદાનો સકંજો ક્યારે કસાશે, તે જોવું રહ્યું.

### મગદલ્લામાં પત્નીની...

૨૭ વર્ષીય રિક્ષાચાલક રાહુલસિંહ સભાજીત સિંહ રાજપૂતે તેની રિક્ષામાં બેસતી એક પરિણીત મહિલા પર દાનત બગાડી હતી. તે જ્યાં પણ મજૂરી માટે જતી હતી ત્યાં તે રિક્ષા લઇને પહોંચી જઇ હેરાન કરતો હતો. બે દિવસ પહેલાં તે ઉધના હરિનગર પાસે હતી, ત્યારે રાહુલસિંહ ત્યાં આવી ચડતાં તેણે કંટાળીને પતિ રાજીવકુમાર સતીષસિંહ ઠાકુર (રહે. ઉધના હરિનગર-૩)ને ફોન કરીને બોલાવ્યો હતો. તે સમયે મહિલાના પતિએ ઠપકો આપ્યો હતો તેમ છતાં ગઈકાલે ૭મી જૂનના રોજ સાંજના સમયે મહિલા મગદલ્લા હાઈવે પર સી.બી. પટેલ ગ્રાઉન્ડની બાજુમાં, ખુલ્લા નાળા પાસે મંગલમ હાઇટ્સ તરફ જતાં કાચા રસ્તા પર મજૂરી કામ કરી રહી હતી. તે વખતે પણ રાહુલસિંહ ત્યાં ધસી આવ્યો હતો. જેતી તેણે પતિને ફોન કરતાં પતિ ત્યાં પહોંચ્યો હતો અને બંને વચ્ચે થયેલા ઝગડા બાદ ઉશ્કેરાઇને તેણએ રોડની બાજુમાં પડેલો મોટો પથ્થર ઉપાડી તેના માથા પર મારી દીધો હતો એક પછી એક ઘા કરતાં રાહુલસિંગનું માથું છુંદાઇ જતાં તેનું મોત થઇ ગયું હતું.


**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

ઝાંપા બજાર શાખા : જુનુ મહિધરપુરા પોલીસ સ્ટેશન સામે, ટાવર રોડ સુરત–૩૯૫૦૦૩. ફો. નં.- ૦૨૬૧– ૨૪૨૩૩૦૩, ૨૪૩૯૯૪૨ email :zampab@bankofbaroda.com

કબજા નોટીસ [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ-૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૯.૧૦.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી ચિરાગકુમાર નરેશભાઈ જોષી (દેવાદાર અને ગીરવેદાર), અને શ્રીમતી જાગૃતિ ચિરાગકુમાર જોષી (સહદેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૪,૯૩,૦૦૮.૬૯ (રૂા.ચોવીસ લાખ ત્રાણું હજાર આઠ અને ઓગણાસીત્તેર પૈસા પુરા)** વત્તા અન્ય ચાર્જીસ અને તેના પર નું વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૭મી જૂન સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૨૪,૯૩,૦૦૮.૬૯** વત્તા અન્ય ચાર્જીસ અને તેના પરનું વ્યાજ ને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ હક હિત સંબંધ ધરાવતી 'વેલકી ઘર' નો પ્લોટ નં.૫૦ માપ ૮૫.૭૬ ચો.મી. રોડ અને સીઓપી ના વણવહેચાયેલ હિસ્સા સહિત રે.સ.નં. ૧૭૯/એ, માપ ૧૩૦૧૫ ચો.મીટર, સીટી સર્વે નં. એનએ/ ૧૭૯/એ, સીટ નં. એનએ૯૯, વોર્ડ/ ગામ : ઓરમા, તા. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સોસાયટી નો આંતરીક રોડ, **પશ્ચિમ તરફ** : જોડેની મિલકતનો બ્લોક નં. ૧૫૦, **ઉત્તર તરફ** : જોડેની મિલકત નો પ્લોટ નં. ૫૧, **દક્ષિણ તરફ** : જોડેની મિલકત નો પ્લોટ નં. ૪૯.

તા. ૦૭.૦૬.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઝાંપા બજાર શાખા.



**Muthoot Homefin — મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. ૧૯-એનઈ, ૧૯મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - ૪૦૦ ૦૨૮

**માંગણી નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩(૧) હેઠળ.

અધોહસ્તાક્ષરકર્તા એ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ઉક્ત કાયદો) હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL) ના અધિકૃત અધિકારી છે. ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) સાથે વાંચવામાં આવતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ મળેલ સત્તાની રૂએ, અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ માંગણી નોટિસો પાઠવીને નીચે દર્શાવેલ લોનધારક/કો (ઉક્ત "લોનધારક")ને તેઓને આપવામાં આવેલી સંબંધિત માંગણી નોટિસ/સોમાં જણાવેલ રકમ ચૂકવવા જણાવ્યું છે, જે નીચે મુજબ પણ આપવામાં આવેલ છે.

ઉપરોક્તના સંદર્ભમાં, ઉક્ત લોનધારકને આ નોટિસના પ્રકાશનના ૬૦ દિવસની અંદર, અહીં નીચે દર્શાવેલ રકમ, ઉક્ત માંગણી નોટિસોમાં વિગતવાર જણાવ્યા મુજબ નીચે દર્શાવેલ તારીખોથી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી ૨% પ્રતિ માસના વધુ વ્યાજ સાથે, જે ઉક્ત લોનધારકો દ્વારા વત્તા-ઓછા અંશે કરાયેલા અન્ય દસ્તાવેજો/લખાણો સાથે વંચાતા લોન કરાર હેઠળ ચૂકવવાપાત્ર છે, તે MHILને ચૂકવવા આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય પુનઃચુકવણીની સુરક્ષા તરીકે, ઉક્ત લોનધારકો દ્વારા અનુક્રમે નીચેની અસ્કયામતો MHIL પાસે ગીરો મૂકવામાં આવી છે.

| ક્રમ નં. | લોનધારક(ઓ)/સહ-લોનધારક(ઓ)/ જામીનદારનું નામ / લોન અકાઉન્ટ નં. / બ્રાન્ચ | કુલ બાકી લેણાં (રૂ.) | માંગણી નોટિસની તારીખ | સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|---|---|
| 1. | ધનરાજ નિમ્બા પાટીલ/ ચતુર નિમ્બા પાટીલ/ લતાબાઈ નિમ્બા પાટીલ/ 004-00000739/સુરત | રૂ. ૧૧,૯૮,૩૨૬/- રૂપિયા અગિયાર લાખ અઠાણું હજાર ત્રણસો છવ્વીસ માત્ર. | 24-Apr-2026 | મોજે ગામ જોળવા, તાઃ પલસાણા, જીઃ સુરતની રેવન્યુ સર્વે નં. ૧૦૦, ૧૦૧, બ્લોક નં. ૮૫, ક્ષેત્રફળ હે. ૩-૯૯-૫૬ ચો.મી.માં આવેલ "સાઈ આંગણ રેસીડેન્સી" માં પ્લોટ નં. ૪૧૭, ક્ષેત્રફળ ૬૧.૫૭ ચો. વાર એટલે કે ૫૧.૫૭ ચો.મી. (KJP મુજબ બ્લોક નં. ૮૫/૪૧૭, ક્ષેત્રફળ ૭૦.૭૨ ચો.મી.) વાળી સમગ્ર સ્થાવર મિલકતનો ભાગ અને હિસ્સો. ઉત્તરઃ- પ્લોટ નં. ૪૧૬, દક્ષિણઃ- પ્લોટ નં. ૪૧૮, પૂર્વઃ- સાઈ દીપ રેસીડેન્સી, પશ્ચિમઃ- આરસીસી રોડ. |

જો ઉક્ત લોનધારકો ઉપરોક્ત મુજબ MHILને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો MHIL ઉક્ત સુરક્ષિત અસ્કયામતો સામે કાયદાની કલમ ૧૩(૪) અને લાગુ પડતા નિયમો હેઠળ સંપૂર્ણપણે ઉક્ત લોનધારકોના ખર્ચ અને પરિણામોના જોખમે આગળની કાર્યવાહી કરશે. ઉક્ત લોનધારકોને MHILની પૂર્વ લેખિત સંમતિ વિના વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ પણ પ્રકારે ઉપરોક્ત અસ્કયામતોની તબદીલી કરવા પર કાયદા હેઠળ પ્રતિબંધ છે. કોઈપણ વ્યક્તિ જે ઉક્ત કાયદા અથવા તે હેઠળ બનેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘનમાં મદદ કરે છે, તે કાયદા હેઠળ પ્રદાન કર્યા મુજબ કેદ અને/અથવા દંડની સજાને પાત્ર થશે.

તારીખઃ ૦૯ જૂન, ૨૦૨૬ — સહી/- અધિકૃત અધિકારી,
સ્થળઃ સુરત. — મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ



**ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર જાહેર નિવિદા નં - ૦૭ સને ૨૦૨૬-૨૭,**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોનનં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા બિલ્ડીંગ ના કમ્પાઉન્ડ વોલ પ્રોટેકશન વોલ ના ૨ કામો માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૨૦.૨૯ લાખ થી ૭૪.૮૭ લાખ સુધી ની છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૧૯/૦૬/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે. માહિતી/નર્મદા/૯૦/૨૦૨૬-૨૭



**જાહેર હરાજી**

આથી ભંગારના વેપારી તથા જૂના વાહનો ખરીદવા રસ ધરાવતા વેપારીઓને જણાવવાનુ કે, ઉમરા પોલીસ સ્ટેશન ખાતે જી.પી. એક્ટ ૮૨(ક) મુજબ બિનવારસી કુલ્લે-૨૦૯ વાહનો કબ્જે લીધેલ જે વાહનોની જાહેર હરાજી તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ સવારના કલાક-૧૦/૦૦ વાગે ઉમરા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ છે. જેથી રસ ધરાવતા વેપારીઓ કે અરજદારે અરજી દીઠ અલગ-અલગ રૂ.૧,૦૦,૦૦૦/- (એક લાખ પુરા) ડીપોઝીટ "પોલીસ કમિશ્નર સુરત શહેર" નાઓના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ (ડી.ડી.) અત્રેની કચેરીએ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ કચેરી સમય દરમ્યાન ભરવાની રહેશે ત્યારબાદ જ હરાજીની બોલીમાં ભાગ લઇ શકશે અને હરાજીના નિર્ધારીત સમયના અડધા કલાક પહેલા સ્થળ પર હાજર રહેવાની જવાબદારી જે તે વેપારીની રહેશે અને હરાજીનો માલ જે સ્થિતીમાં હશે તે જ સ્થિતીમાં સુપ્રત કરવામાં આવશે તથા હરાજીના વાહનો માત્ર સ્ક્રેપ તરીકે જ ઉપયોગમાં લેવાના રહેશે અને હરાજી પૂર્ણ થવાથી હરાજીમાં ઉંચી બોલી બોલનાર ઇસમોની માંગણી મુજબ સૌથી વધુ બોલી બોલનાર ઇસમ પાસેથી સ્થળ ઉપર ૨૫% રકમ તથા લાગુ પડતા ટેક્ષની રકમ તુરંત જ ભરપાઇ કરવાની રહેશે હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. હરાજીમાં ભાગ લેનાર ઇજારદારોએ (૧) પોતાના પેઢીના GST સર્ટીની પ્રમાણિત નકલ (૨) પાનકાર્ડની પ્રમાણિત નકલ (૩) આધારકાર્ડની પ્રમાણિત નકલ (૪) પોતાના રહેઠાણના લાઇટબીલ સાથે રજુ કરવાના રહેશે જે અંગેની નોંધ લેશો.

તા.૦૮/૦૬/૨૦૨૬ — (એમ. જે. ચૌધરી) પોલીસ ઇન્સ્પેક્ટર ઉમરા પોલીસ સ્ટેશન સુરત શહેર

ક્રમાંકઃમાહિતી-સૂરત/૨૩૭/૨૦૨૬